ક્રમાંક:નપલ/૪૫૨૦૦૧/૪૪૫૪/મ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૬/૧૨/૨૦૦૧.

પ્રતિ,
૧. સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
૨. નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૪. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
૫. સર્વે નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રીઓ,
૬. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરી,
૭. સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ ગાંધીનગર(પત્ર ધ્વારા)

વિષય:- એક લાખથી ઓછી વસ્તીવાળી નગરપાલિકાઓને ચૂંટણી ખર્ચ માટે સહાયક અનુદાન આપવા બાબત.

રાજયની એક લાખથી ઓછી વસ્તીવાળી નગરપાલિકાઓનો સામાન્ય/મધ્યસત્ર/ પેટા ચૂંટણીનો ખર્ચ રાજય સરકાર ધ્વારા કરવાનું આ વિભાગનાં તા.૧૫/૯/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: નપલ/૪૫૨૦૦૦/ ૪૮૪૭/મ થી નકકી થયેલ છે.

નગરપાલિકાના ચૂંટણી ખર્ચમાં ચૂંટણી માટેની મતદાર યાદી તૈયાર કરવાનો - છપાવવાનો ખર્ચ, ચૂંટણી માટે સરકારે મંજૂર થયેલ મહેકમ ના પગાર ભથ્થાનો ખર્ચ, ચૂંટણી કામગીરી માટે રોકેલ કર્મચારીઓ અધિકારીઓનો ચૂંટણી કામકાજના ભથ્થાનો ખર્ચ, મતપત્રકો તથા ચૂંટણીને સબંધી સ્ટેશનરીનો ખર્ચ, મતદાન મથકો ઉપરની સગવડોનો ખર્ચ, ચૂંટણી સામગ્રી ફાળવણી તથા કલેકશન મથકો તથા મતદાન ગણત્રી સેન્ટરો ઉપરની સગવડનો ખર્ચ તેમજ ચૂંટણી આયોજન અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટેના આનુષાંગિક ખર્ચનો સમાવેશ થાય છે.

નગરપાલિકાએ ચૂંટણી માટે જરૂરી મકાનો કર્મચારીઓ/ અધિકારીઓ, વાહનો, ફર્નીચર, જાહેરાત વગેરે તેના હયાત ઈન્ફ્રાસ્ટકચરમાંથી પૂરા પાડવાના રહેશે આ માટે નગરપાલિકા કોઇ નવી ખરીદી કરી શકશે નહી તથા હયાત ઈન્ફ્રાસ્ટકચરના ભાડા કે વપરાશ માટે સહાયક અનુદાનની રકમ ખર્ચી શકશે નહી. ચૂંટણી માટે મતપેટી તથા મતદાન વખતે ઉપયોગમાં લેવાની લાંબા સમય ટકે તેવી સાધન સામગ્રી કલેકટર કચેરીમાંથી લોન પર લેવી જોઇએ અને તે પેટે થનાર ખર્ચ ગણતરીમાં લેવો જોઇએ નહીં.

આગામી નગરપાલિકાઓની સામાન્ય પેટા ચૂંટણીઓ માટે રાજય સરકાર ધ્વારા નગરપાલિકાના દરેક મતદાન મથકદીઠ રૂપિયા ૧૨૦૦૦ ( અંકે રૂપિયા બાર હજાર ) ની ફાળવણી યોગ્ય સમયે કરવામાં આવશે. નગરપાલિકાને આ મુજબ મળવાપાત્ર સહાયક અનુદાનની મર્યાદામાં રહીનેજ નગરપાલિકાએ ચૂંટણી ખર્ચ કરવાનો રહેશે. રાજય સરકાર ધ્વારા નગરપાલિકાને ફાળવવામાં આવેલ સહાયક અનુદાનની રકમને નગરપાલિકાએ નિયમાનુસાર હિસાબ રાખવાનો રહેશે આ ખર્ચ અને હિસાબનું નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરી ધ્વારા ઓડીટ કરવામાં આવશે નગરપાલિકાને ફાળવવામાં આવેલ સહાયક અનુદાનની ચૂંટણી બાદ બચત રહેલ રકમમાંથી નગરપાલિકા કોઇ સ્ટેશનરી કે અન્ય ચીજો ખરીદી શકશે નહી ચૂંટણી પૂર્ણ થયે નગરપાલિકાને ફાળવેલ રકમ, થયેલ ખર્ચ અને બચત રહેલ રકમનો હિસાબ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને રજૂ કરવાની રહેશે સાથે સાથે બચત રહેલ રકમમાંથી આગામી ચૂંટણીઓ માટે જરૂરી વસ્તુઓની ખરીદીની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ

ફાયનાન્સ બોર્ડને રજૂ કર્યે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની મંજૂરી મળ્યે બચત રહેલ રકમનો ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની સૂચનાનુસાર ખર્ચ કરવાનો રહેશે.

નગરપાલિકાઓને ચૂંટણી ખર્ચ પેટે સહાયક અનુદાનની રકમ જે તે ચૂંટણી સમયે યોગ્ય વખતે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ધ્વારા ચૂકવવામાં આવશે. જેનો નગરપાલિકાએ ઉપરોકત સૂચનાઓ તથા આ વિભાગ, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, કલેકટર કચેરી ધ્વારા વખતોવખત જે સૂચનાઓ પાઠવવામાં આવે તે મુજબ ખર્ચ કરવાનો અને હિસાબ રાખવાનો રહેશે.

આપનો વિશ્વાસુ,

(ટી.એન.શેખ)
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પશ-નપલ.